# હાદી

માસિક

બાળકો અને નવયુવાનો માટે

શાઅબાન,
હીજરી સન ૧૪૩૪,
જૂલાઈ - ૨૦૧૩

અંક ૫૭



રૂા. 30/-



# શાઅબાન માસની ફઝીલત અને આઅમાલ

## ફઝીલત :

સફવાન કહે છે કે “ઈમામ જાઅફરે સાદિક અ.સ.થી ઈર્શાદ છે કે અમીરૂલ મોઅમેનીન અ.સ. ફરમાવે છે કે જ્યારથી રસૂલ સ.અ.વ.ની ઘોષણાં મેં સાંભળી છે ત્યારથી શાઅબાન માસનો મારો એક પણ રોજો કઝા થયો નથી અને જ્યાં સુધી મારો જીવનદીપ ઓલવાઈ નથી જતો ત્યાં સુધી આ રોજા હું છોડીશ નહીં અને આપ અ.સ.એ એવું પણ ફરમાવ્યું છે કે શાઅબાન અને રમઝાન માસના રોજા તવબા કુબુલ થવાના અને ગુનાહોની બખ્શિશના કારણ બને છે.”



E-mail : hadimasik@yahoo.com

## આઅમાલ : આ માસના કેટલાક આઅમાલ

★ સદકો આપવો - પછી ભલે તે સદકો અડધી ખજુર જેટલો પણ કેમ ન હોય.

★ શાઅબાન માસમાં દરેક ગુરૂવારે બે રકઅત નમાઝ એવી રીતે પઢવામાં આવે કે તેની દરેક રકઅતમાં સૂરએ હમ્દ પછી ૧૦૦ વખત સૂરએ તવહીદ (સૂરએ-ઈખ્લાસ-સૂરએ કુલહોવલ્લાહો અહદ) પઢે અને નમાઝ પછી સો વખત દુરૂદ પઢે. જેથી કરીને ખુદા તબારક-વ-તઆલા દીન અને દુન્યામાં તેની દરેક નેક હાજત પુરી ફરમાવશે.

★ શાઅબાનના રોજાનો એક જુદો જ સવાબ છે અને રિવાયતમાં આવ્યું છે કે શાઅબાન માસના દરેક ગુરૂવારે આકાશ શણગારવામાં આવે છે, ત્યારે ફરિશ્તાઓ અર્ઝ કરે છે કે યા અલ્લાહ ! આજના દિવસનો રોજો રાખનારને બખ્શી દે અને તેની તમામ દુઆઓ કબૂલ ફરમાવ.



بسم الله الرحمن الرحيم

## શાઅબાન, હીજરી સન ૧૪૩૪,
## જૂલાઈ - ૨૦૧૩

### બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો !                                        અસ્સલામો અલયકુમ !

ખુશાલીઓથી ભરપુર શાઅબાનનો મહાન માસ આવી ગયો છે અને આપનો ''હાદી'' પણ આપના હાથમાં છે જે આપની ખુશી બમણી કરી રહ્યો છે.

વ્હાલા બાળકો ! આપની જ દુઆઓ અને શુભેચ્છાઓને કારણે આપનો આ ''હાદી'' ઘણીબધી દીની અને દુન્યવી જાણકારી લઈને દર મહીને આવે છે અને આવતો રહેશે.

આ શાઅબાન માસમાં આપણાં માટે ખુશાલીઓનો ખજાનો છે.

૩જી શાઅબાનના દિવસે આપણા વહાલા નબી સ.અ.વ. ના વહાલા નવાસા ઈમામ હુસૈન અ.સ. ની વિલાદત (જન્મ) થઈ હતી જેને કારણે સમગ્ર મદીના શહેરમાં અને નબીનું ઉપવન ખુશાલીઓથી છલકાઈ ઉઠ્યું હતું.

૪ શાઅબાનનો દિવસ પણ આપણા માટે એક મોટી ખુશાલીનો પ્રસંગ છે. કેમકે તે દિવસે આપણાં આકા - અબુલ ફઝલિલ અબ્બાસ - અલમદારે કરબલા - સક્કાએ સકીનાની પુણ્યશાળી વિલાદત થઈ હતી.

૧૫મી શાબાનના દિવસે આપણાં ઈમામે ઝમાના અજ. ની પણ પુણ્યશાળી વિલાદત થઈ હતી અને પંદરમી એ જ ''શબે બરાત'' પણ છે જે આપણા માટે ઘણી મોટી પ્રસન્નતાની તારીખ છે.

વહાલા બાળકો ! આપણે આ દિવસોમાં એ બાબતનો ખાસ ખ્યાલ રાખવાનો છે કે શરીઅતની મર્યાદામાં જ રહીને ખુશાલી મનાવવામાં આવે. તબર્રુક અને મિઠાઈઓ વહેંચવી છે. સલવાત અને સલામ સાથે એકબીજા સાથે હાથ મિલાવવા છે અને એકબીજાને ભેટવાનું છે અને પોતાના મિત્રોને ભેટ સોગાદ આપવી છે.

આ માસમાં અમારા તરફથી આપને નેક દુઆઓ - સાથે આ હાદી છે - જેને બરાબર વાંચજો, મનન કરજો અને આ ખુશાલીના પ્રસંગોએ આપના આ હાદી માટે પણ તે ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી દુઆઓ માંગવાનું પણ વીસરી જતાં નહીં - હોં. !

વસ્સલામ


ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં
ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :
(Skype Graphics) સાજીદ પંજ
9898013082
E-mail : sajidpanj@yahoo.in



વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com
Website : www.hadikids.org



વાર્ષિક લવાજમ
રૂા. ૩૦૦/-




# દેવાનો બોજો

એક વખત હઝરત ઈમામ હુસૈન અ.સ. જનાબ અસામા-બિન-ઝૈદની તબીયત જોવા ગયા હતાં. અસામા તે વખતે અત્યધિક દુઃખથી પીડાતા હતાં અને કહેતા હતાં : આહ, આ કેટલું મોટું દુઃખ છે ! ઈમામ હુસૈન અ.સ.એ પુછયું - “ભાઈ ! આ કયા દુઃખની વાત કરો છો ? તેમણે કહ્યું “મારા ઉપર ૬૦ હજાર દિરહમનું લેણું છે” ઈમામ હુસૈન અ.સ.એ ફરમાવ્યું “ભાઈ ! તમારે દુઃખી થવાની જરૂર નથી. હું આ બધુ લેણું ચુકવી દઈશ.” અસામાએ કહ્યું “મને બીક છે કે (તે પહેલાં જ) હું મરી જઈશ” ઈમામ હુસૈન અ.સ.એ. કહ્યું “એની ચિંતા પણ કરવાની જરૂર નથી. તમારા મૃત્યુ પહેલાં જ હું આ લેણું ચુકવી દઈશ.” અને તે પછી ઈમામ હુસૈન અ.સ.એ તે લેણું ચુકવી દીધું.

(મનાકિબ ભાગ-૪ પા.૬૫)

શું તમે પણ કદી કોઈ મોમીનનું લેણું ચુકવી દીધું છે ! અથવા ચુકાવી દીધું છે ???

# શાઅબાનુલ મોઅઝ્ઝમ માસની ખાસ ઘટનાઓ



**૧- શાઅબાન :** આજના દિવસે સન ૨૫૫ હિજરીમાં મોઅતઝ બિલ્લાહ નામનો અત્યંત અત્યાચારી ખલીફા જહન્નમમાં ગયો હતો. આ મલઉને આપણાં દસમાં ઈમામ હઝરત હાદી (અ.સ.)ને ઝેર આપી શહીદ કર્યા હતાં.



**૩-શાઅબાન :** સન ૪ હિજરીમાં આજના દિવસે હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની પુણ્યશાળી વિલાદત થઈ હતી.

**૪-શાઅબાન :** સન ૨૬ હિજરીમાં આજના દિવસે સક્કાએ સકીના હઝરત અબ્બાસ (અ.સ.) અલમદારે હુસૈનીની બરકતોવાળી વિલાદત થઈ હતી.





E-mail : hadimasik@yahoo.com

**૫-શાઅબાન :** કેટલાંક પુસ્તકોમાં લખવામાં આવેલ છે તે પ્રમાણે આપણાં ચોથા ઈમામ હઝરત ઝયનુલ આબેદીન (અ.સ.)ની વિલાદતે-બા-સઆદત થઈ હતી. આપની વિલાદત સન ૩૮ હિજરીમાં આપણાં પહેલાં ઈમામ (અ.સ.)ના જાહિરી ખિલાફતના કાળમાં થઈ હતી. આપના પ્રખ્યાત લકબો (વિશેષણવાચક નામો) ઝયનુલ આબેદીન - સૈયદુસ્સાજેદીન-આદમે અહલેબય્ત વિગેરે છે. આપની માતાનું નામ જનાબ શહરબાનુ ખાતૂન હતું.





**૧૧-શાઅબાન :** સન ૪૩ હિજરીમાં આજની તારીખે હઝરત અલી અકબર (અ.સ.)ની બરકતોવાળી વિલાદત થઈ હતી. આપની વાલિદાનું નામ'ઉમ્મે લયલા' હતું. છઠ્ઠા ઈમામના ફરમાન અનુસાર આપની 'કુનીયત' અબુલ-હસન હતી. (અલી અકબર અ.સ. કિતાબ મુકર્રમ પા.૧૬)

**૧૫-શાઅબાન :** આજનો દિવસ ઘણી મોટી ખુશાલીનો દિવસ છે. આજે આપણાં મૌલા હઝરત મહદી (અ.સ.)ની પ્રકાશમય વિલાદતનો દિવસ છે. આપ (અજ.)ની વિલાદત સને ૨૫૫ હિજરીમાં થઈ હતી. આજનો દિવસ ઘણી બરકતોવાળો દિવસ છે.





# આપણા શીઆઓના અકીદાઓ

આપણાં શીઆઓનો અકીદો છે કે રસુલે અકરમ સ.અ.વ. પછી ઈમામની જવાબદારી પણ તેજ છે કે જે નબીની હોય છે. દા.ત. ઉમ્મતને માર્ગદર્શન અને દોરવણી - અહકામની સમજુતીઓ - સ્પષ્ટીકરણ અને તેમની વૈચારિક મુશ્કેલીઓનું સમાધાન તેમજ અગત્યની સામાજીક સમસ્યાઓનું નિરાકરણ. તેથી એ પણ જરૂરી છે કે ઈમામ અને ખલીફા એવો હોય કે તે લોકોનો વિશ્વાસપાત્ર હોય જેથી કરીને ઉમ્મતને સુખ-શાંતી પહોંચાડી શકે તેથી ઈમામ સઘળી શક્તિઓ અને ગુણો-વિશિષ્ટતાઓમાં નબી જેવો જ હોવો જરૂરી હોય છે. (દા.ત. ગુનાહોથી પાક હોવું અને જ્ઞાનની અસીમ વિશાળતા) અને તેથી જ વહી અને નબુવ્વત સિવાય ઈમામની જવાબદારીઓ નબી જેવી જ હોય છે કેમકે હઝરત મુહમ્મદ સ.અ.વ. પર નબુવ્વત સંપૂર્ણ - સમાપ્ત થઈ ગઈ - આપ સ.અ.વ. ખાતેમુલ અંબિયા - વલ - મુર્સલીન છે. અને આપનો દીન ખાતે મુલ -





અદયાન (અગાઉના તમામ દીનોને સમાપ્ત - રદ કરનાર) અને આપની શરીઅત ખાતેમુશ્શરાએઅ (અગાઉની તમામ શરીઅત ને સમાપ્ત કરનાર) અને આપની કિતાબ ખાતેમુલ કુતુબ (અગાઉની સઘળી આસમાની કિતાબોને સંપૂર્ણતાના આરે પહોંચાડનારી) છે.

(અમો શીઆઓ પાસે આ બાબતમાં પણ અનેક વૈવિધ્યપૂર્ણ અને દમદાર વૈચારિક અને તાર્કિક પુસ્તકો મોજુદ છે.)



અમો શીઆઓનો અકીદો છે કે ઉમ્મતને સત્યના માર્ગે ચલાવનાર માઅસૂમ માર્ગદર્શક અને વલીની આવશ્યકતાનું એક અત્યંત જરૂરી અંગ એ પણ છે કે રસૂલ સ.અ.વ. પછી ઈમામત અને ખિલાફતનો હોદ્દો - (જવાબદારી) ફક્ત અલી અ.સ. પર સમાપ્ત ન થઈ જાય. પરંતુ માર્ગદર્શનની આ શ્રૃંખલા અનંત યુગ સુધી કાયમ રહે તે પણ જરૂરી છે. જેથી ઈસ્લામના મૂળ મજબૂત થઈ શકે.

(વધુ આવતા અંકે)




# કાઈમ-અજ. ના કયામથી

## (આપના આગમનના અને શાસનના પ્રસ્થાપિત થવાથી)

## સમગ્ર સૃષ્ટીમાં પ્રસન્નતાની લહેર

રિવાયતોમાંથી જાણવા મળે છે કે હઝરત મહદી અજ.નું આગમન અને આપના શાસનની સ્થાપના સમગ્ર માનવજાતિ માટે પ્રસન્નતાનું કારણ બનશે. કેટલીક રિવાયતોમાં પૃથ્વીવાસીઓ અને આકાશવાસી બંન્ને માટેની પ્રસન્નતા અને એક અન્ય રિવાયતમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓ પણ જીવિત થવાની ઈચ્છા કરશે તેનું વર્ણન છે.

અત્રે તેના કેટલાંક દ્દષ્ટાંતો રજુ કરવામાં આવે છે :

હઝરત રસૂલે ખુદા સ.અ.વ.એ ફર્માવ્યું છે કે "હઝરત મહદી અજ.ના આગમનથી સમગ્ર પૃથ્વીવાસીઓ - આકાશવાસીઓ, પક્ષીઓ - પશુઓ અને સમુદ્રની માછલીઓ (એ સઘળા) ખુશખુશાલ થઈ જશે.

(અકદુદ-દુરર્ર-પા.૮૪-૧૪૯, અલ બ્યાન - પા.૧૧૮, હાકિમ-મુસ્તદરક ભા.૪ - પા.૪૩૧ - અદદુર્રલ મન્સૂર - ભા.૬ પા.૧૫૦)"



આ બાબતમાં હઝરત અમીરૂલ મોઅમેનીન અ.સ. ફરમાવે છે કે "હઝરત મહદી અજ. ત્યારે જ પ્રગટ થશે કે જ્યારે આપનું મુબારક નામ સામાન્ય અને વિશિષ્ટ તમામ લોકોની લોકવાણીમાં હશે અને લોકો હઝરત મહદી અજ.ના પ્રેમમાં તરબોળ હશે એટલે સુધી કે આપના નામ સિવાય બીજા કોઈનું નામ ન તો લોકોની લોકવાણીમાં હશે કે ન તો બીજું કોઈ નામ લોકોની યાદશક્તિમાં હશે. લોકો તેમની (હઝરત મહદી અજ.ની) મિત્રતાથી પોતાના આત્માને દિપ્ત કરતા હશે."

(અલ-હાવી-લિલ-ફતાવી-ભા.૨-પા.૬૪-અહકાકુલ હક-ભા.૧૩-પા.૩૨૪)

રિવાયતમાં "યશરેબૂના-હુબ્બહ" નો શબ્દ પ્રયોગ છે. જેનો અર્થ એવો થાય છે કે "લોકો આપ અજ.ના પ્રેમરસથી પોતાની તરસની તૃપ્તી કરશે." (હઝરત અજ. સાથેના સંબંધોને પીવાના રસ મધુર પાણીની ઉપમા આપવામાં આવી છે) અને હઝરત મહદી અજ.નો પ્રેમ લોકોની રગે રગમાં વ્યાપી જશે."

હઝરત ઈમામ રિઝા અ.સ. આપ અજ.ના પ્રાગટ્ય પહેલાની મુશ્કેલ પરિસ્થિતી અને યાતનાઓનું વર્ણન કરી આપ અજ. ના પ્રાગટ્ય પછીની સ્વતંત્રતા અને ખુશહાલીની પરિસ્થિતીનું વર્ણન કરતા ફરમાવે છે કે "તે યુગમાં લોકોને એટલું બધું અમન-ચેન પ્રાપ્ત થએલું હશે કે મૃત્યુ પામેલા લોકો પણ પુનઃ જીવિત થવાની ઈચ્છા કરતાં હશે."

(ખરાઈજ - ભા.૩ પા.૧૧૬૯ - તૂસ્ત-ગૈબાહ - પા.૨૬૮)

ઈમામ જાઅફરે સાદિક (અ.સ.) આ બાબતમાં ફરમાવે છે કે "જાણે કે હું કૂફાના મિમ્બરની ઉંચાઈ ઉપર હઝરત કાઈમ અજ. ને બિરાજમાન જોઈ રહ્યો છું અને આપે હઝરત રસુલે ખુદા સ.અ.વ.નું બખ્તર ધારણ કરેલ હશે." આપ અ.સ.એ તે સમયની કેટલીક પરિસ્થિતી વર્ણવીને તે વિષે વધુ બયાન કરતા ફરમાવ્યું છે કે "જેનું મન ખુશાલીથી પ્રફુલ્લીત ન થઈ ગયું હોય તેવો કોઈ પણ મોમીન કબરમાં હશે નહીં એટલે સુધી કે મૃત્યુ પામેલ વ્યક્તિઓ એક બીજાને મળવા જશે અને હઝરત કાઈમ અજ.ના પ્રાગટયની એકબીજાને મુબારક બાદ આપશે."

કેટલીક રિવાયતોમાં "તિલક-લ-ફર્જહ" નો શબ્દ પ્રયોગ જોવા મળે છે. એટલે બરઝખમાં રહેતા લોકો માટે પણ આપ અજ.ના પ્રાગટયથી અમન-ચેનની પરિસ્થિતી પેદા થશે.

આ રિવાયત પ્રમાણે આગેવાની અને ક્રાંતિની મહાનતા એ કક્ષાએ પણ પહોંચી શકે છે કે તે આત્માઓને પણ અસર કરે છે.

(ઈલ્બાતુલ હિદાયાહ- ભા.૩ - પા.૫૩)






# અલીનો શીઆ

(હપ્તો-૬)



## શીઆ કોને કહેવાય ?

**જ્યારે ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.ની સેવામાં શીઆઓના બહૂ સંખ્ય હોવાની વાત થઈ ત્યારે આપ અ.સ.એ પોતાના સાથીઓ (અસહાબ)ને પુછયું "શું તેઓ પૈકી જે સારી સ્થિતીમાં છે તેઓ ગરીબોની દરકાર લે છે ?"**

**શું તેઓ પૈકી (કોઈ સાથે) નેકી (સદ્‌વર્તાવ) કરવાવાળાઓ (તેમની નેકીના બદલામાં તેમની સાથે) દુર્વ્યવહાર (બદી) કરવાવાળાઓને ક્ષમા આપી દે છે ?**

**શું તેઓ એકબીજા પ્રત્યે સદ્‌ભાવના અને દયા ધરાવે છે ?**

**એક વ્યક્તિએ કહ્યું "ના"**

**ત્યારે ઈમામ અ.સ.એ ફરમાવ્યું "ત્યારે એ લોકો (અમારા) શીઆ નથી. (અમારા શીઆઓ તો એવી વ્યક્તિઓ હોય છે જેમનામાં આ તમામ ગુણો હોય"**

**(બિહારૂલ અનવાર  ભાગ-૭૪)**

**ઈમામ રિઝા અ.સ. ફરમાવે છે કે "અમારા શીઆઓ અમારી આજ્ઞાઓનું પાલન કરે છે. તેઓ અમારા કહ્યા પ્રમાણે કાર્ય (અમલ) કરે છે. અમારા શત્રુઓનો વિરોધ કરે છે. જે આવું નથી કરતાં તે અમારા પૈકીમાંથી (એટલે કે અમારો શીઆ) નથી."**

**(સિફાતે શીઆ)**

# સાચું બોલો - મુક્તિ પ્રાપ્ત કરશો



અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને-અબીતાલિબ અ.સ.એ ફરમાવ્યું છે :

**"અસ્દકો - નુનજેહ"**

(ગરરૂલ હકમ- ભા.૧ પા.૭૭૧)

"સાચું બોલો કે જેથી કરીને મુક્તિ પ્રાપ્ત કરો"

અબૂ ઉમર ઝજાની એક નેક અને સદ્‌ચારિત્રવાન વ્યક્તિ હતા. તેઓએ કહ્યું છે કે મારી માતાના અવસાન પછી તેમના વારસદાર તરીકે મને એક ઘર મળ્યું હતું. મેં તે મકાનને વેચી નાંખ્યું અને હજ કરવા રવાના થઈ ગયો. જ્યારે નયનવા ના પ્રદેશમાં પહોંચ્યો ત્યાં એક ચોર મારી સમક્ષ આવી ગયો અને મને પુછયું : "તારી પાસે શું છે ?"





મેં મનમાં વિચાર્યું, સત્ય અને સાચુ બોલવું તે એક સદ્‌ગુણ છે કે જે અંગે ખુદાવન્દે આલમે પણ આજ્ઞા આપી છે. તેથી મારે આ ચોર સમક્ષ પણ સાચું જ બોલવું જોઈએ. તેથી મેં કહ્યું, મારી આ કોથળીમાં પચાસ હજાર દીનારથી વધારે રકમ નથી. આ સાંભળીને ચોરે કહ્યું "લાવો - તે કોથળી મને આપી દો" મેં તે કોથળી તેને આપી દીધી. તે પછી તે ચોરે કોથળીમાંના દીનાર ગણ્યા - અને મને પરત કરી દીધાં. મેં પુંછ્યુ "કેમ શું થયું ?" તેણે કહ્યું "હું તો તમારી રકમ લઈ લેવા માંગતો હતો. પરંતુ તમે તો મને જ લઈ લીધો" તે વખતે તેના મોઢા ઉપર શરમ અને પ્રશ્ચાતાપ દેખાતો હતો. એવું લાગતું હતું તેણે પોતાના ભૂતકાળના કાર્યોથી તૌબા કરી લીધી છે. તે પોતાની સવારી ઉપરથી ઉતરી પડયો અને તેના ઉપર બેસી જવા કહ્યું - મેં ઘણી ના પાડી કે "મને આની જરૂર નથી" પણ તે ન માન્યો તેથી હું તેની સવારી ઉપર બેસી ગયો અને તે પગપાળા મારી પાછળ આવવા લાગ્યો - મીકાતના સ્થળે અહરામ બાંધ્યો અને મસ્જીદુલ-હરામની દિશામાં પ્રયાણ કરી. તેણે હજના તમામ આઅમાલ મારી સાથે કર્યા અને ત્યાં જ આ જગત છોડીને ચાલ્યો ગયો. (રવઝાનુલ-બ્યાન - ભા.૨, પા.૨૩૫)





# બધા બાળકો દુઆ કરે

**એક બાળકની વાણીમાં :**

ઈમામ ઝમાના અ.સ.ની સેવામાં સલામ અરજ કરૂં છું અને આશા રાખું છું કે આપ અજ. સલામતીથી હશો અને પ્રસન્ન હશો. મૌલા, જ્યારથી હું સમજણી થઈ છું ત્યારથી મંગળવારે આપની નમાઝ પઢું છું અને આપના માટે સલવાત મોકલું છું.

હે ઝમાનાના ઈમામ ! હું આપને જોઈ નથી શકતી તેથી ઘણી જ દુઃખી રહું છું.

જ્યારે જેની કોઈ દવા ન હોય તેવી બીમાર વ્યક્તિઓને જોઉં છું ત્યારે હંમેશા કહું છું "હે આકા ! આ લોકો રોગ મુક્ત થઈ જાય તે માટે ખુદાવન્દે આલમ પાસે દુઆ કરો."



અમને આ જગતમાં આપના ઝહૂરની તમન્ના ખુબ જ તડપાવે છે. મૌલા ! મારી માતા જ્યારે અમારા માટે સદકો કાઢે છે ત્યારે હંમેશા કહે છે, હે ખુદા ! આ સદકો પહેલા ઈમામે ઝમાના અજ. માટે છે, પછી મારા બાળકો માટે.



હે અમારા આકા અને મૌલા ! આપના દીદારની આશામાં અને આશામાં કેટલાયે જુમ્આના દિવસો પસાર થઈ ગયા પરંતુ આપના ઝહૂરના કોઈ સમાચાર નથી. અમારી પાસે તો ફક્ત દુઆ છે.

મૌલા ! જ્યારે કોઈ ઝાઈર ખુદાના ઘરની ઝિયારત કરીને પરત આવે છે તો હું તેની પાસે જઈને આપના વિષે પ્રશ્ન કરૂં છું. પરંતુ હંમેશા નિરાશા સાથે જ પાછી ફરૂં છું.

આકા ! અમે મેહફિલોમાં - મજલિસોમાં આપની સલામતી માટે સલવાત મોકલીએ છીએ.

આકા ! જેવી રીતે અમારા મનમાં આપની પ્રતિક્ષા છે તેવી રીતે આપ પણ અમારા ઉપર કૃપા દ્રષ્ટી ફરમાવશો. જેથી કરીને અમે આપની સાથે વાતો કરીએ.

આજે મારા મન ઉપરનો ભાર હળવો થઈ ગયો, આજે રાત્રે હું પ્રસન્ન ચિત્તે સૂઈ જઈશ.

હું અને અમે સઘળા બાળકો દુઆ કરીએ છીએ કે આપ જલ્દીથી ઝહૂર ફરમાવો.

આમીન, યા રબ્બુલ આલમીન.



# આર્ટ ગેલેરી

**વહાલા બાળકો, આપેલ ચિત્રને રંગ પુરીને સુંદર બનાવો.**





E-mail : hadimasik@yahoo.com

# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



અલી એમ. ભારમલ





ફાતેમા એમ. ભારમલ




પલસાણીયા મોહંમદ અલી ફૈયાઝહુસૈન મેતા.





# અંબિયા અ.સ.ની બરકતો અને ખાસિયતોના વારસ

ઈમામ મહદી અજ.ની એક ખાસીયત એ પણ છે કે આપ અંબિયા અને મુર્સલીન અ.સ.ની અનેક ખાસીયતો અને તેઓની અનેક મહત્વની બરકતોના વારસ અને માલીક હશે.

ઈમામ બાકિર અ.સ.ની હદીસ છે કે "અંબિયા અને અવસિયાના મોઅજિઝામાંથી કોઈ એકનો પણ એવો મોઅજિઝો નથી કે જે ખુદાવન્દે આલમે પોતાની દલીલ પ્રસ્થાપિત કરવા માટે અમારા કાઈમ અજ.ને આપ્યો ન હોય. (એટલે કે બધાંજ અંબિયા અ.સ.ના તમામ મોઅજિઝાઓ આપને આપવામાં આવશે.) અને રસૂલે ઈસ્લામ સ.અ.વ.ની જેમ આપની પીઠ ઉપર પણ અલ્લાહની મોહર (મોહરે ઈલાહી) લગાડેલી હશે. કે જેમાં વસીનો સિલસિલો પૂર્ણ થયો હોવાનો (ખત્મે વિસાયત) ઉલ્લેખ હશે.

(નજમુલ સાહિબ પા.૧૪૫)

અને આપ સ.અ.વ.ની જેમ આપના માથા ઉપર પણ એક વાદળ હંમેશા છાંયડો કરતો રહેતો હશે. (નજમુલ સાકિબ- પા.૧૫૨)




જન્નતના પાંદડાઓથી બનેલ રસુલે ખુદા સ.અ.વ.નો ધ્વજ (અલમે રસુલ સ.અ.વ.) પણ આપની પાસે હશે. અને આપ અજ. એ રસુલે ખુદા સ.અ.વ.નું બખ્તર પણ ધારણ કરેલ હશે. જે આપના મુબારક શરીરે બંધ બેસતુ હશે." (નજમુલ સાકિબ- પા.૧૭૬)"

તદ્ઉપરાંત નવમા ઈમામ અ.સ.થી રિવાયત છે કે જ્યારે ઈમામે કાઈમ અજ. ઝહૂર ફરમાવશે તો રસૂલે ખુદા સ.અ.વ.ના ધ્વજ - નબીયે ખુદા સુલૈમાન અ.સ.ની વીંટી અને જનાબ મુસા અ.સ.ના અસા (ડાંગ) સાથે પ્રગટ થશે. (ગયબતે નોઅમાની - જમાલે મુન્તઝર પા.૪૮૩)

બસાઈરૂદ-દરજાતમા નોંધવામાં આવ્યું છે તે પ્રમાણે ઈમામ સાદિક અ.સ.ની રિવાયત અન્વયે અન્ય અનેક અંબિયા અ.સ.ના શસ્ત્રો અને વારસાઓનો પણ તેમાં ઉલ્લેખ છે કે જે ઈમામ કાઈમ અજ. પાસે હશે. (નજમુસ સાકિબ - પા. ૧૭૦)

આપને "વારિસ" પણ કહેવામાં આવે છે. આપ અજ.ને આ લકબ (ઉપાધી) એટલા માટે જ આપવામાં આવી છે કે આપ અજ. સઘળા અંબિયા અવસિયાની વિદ્વતા - વિશેષતાઓ - દરજ્જાઓ અને સ્પષ્ટ નિશાનીઓના વારસદાર છે.






# જે વસ્તુઓ દિલની નરમીનું કારણ બને છે

(૧) ઇમામ મહેદી (અ.સ.)ના બારામાં મજલિસોમાં શિરકત કરવી અને એ મજલિસોમાં શિરકત કરવી જેમાં ઇમામ મહેદી (અ.સ.)ની ફઝીલત અને ખુસુસિયતો અને એહલેબૈત (અ.સ.)ની હદીસોની રોશનીમાં હિદાયત અને નસીહતો કરવામાં આવે.

કુર્આનની તિલાવતની મેહફિલમાં શરીક થવું, એ


E-mail : hadimasik@yahoo.com

શર્ત સાથે કે કુર્આનની આયતો પર વિચારણા કરે.

(૨) બા અમલ ઉલમાઓ અને અલ્લાહ (સ.વ.તા.)ના ઇતાઅત ગુઝાર અને આખીરતને યાદ કરવાવાળા લોકો પાસે બેસવું જેથી તેઓની વાતો સાંભળી ઇલ્મમાં અને ઈમાનમાં વધારો થાય. તેઓને જોઈને અલ્લાહ યાદ આવે. તેઓના નેક આમાલને અપનાવે. તેઓને જોઈને અલ્લાહની ઈબાદતમાં શૌક અને વધારો થાય. દુનિયા અને દુનિયા પરસ્ત લોકો તરફ નઝર ન કરવી.

(૩) કબરોની ઝિયારત માટે જવું.

(૪) મોતને વધારે યાદ કરવું.

(૫) યતીમોના સર ઉપર હાથ ફેરવવો અને તેઓની સાથે નેકી અને મોહબ્બતનો વ્યવહાર કરવો.



یا صاحب الزمان

# ઈમામ અજ.ના કયામ (આગમન અને શાસનની સ્થાપના) ના સમયે સ્ત્રીઓની કારકીર્દી

આપ અજ.ના પ્રાગટય પહેલા અને તે પછીના સમયે સ્ત્રીઓની કારકિર્દી સંબંધિત રિવાયતોનું સંશોધન કરતાં કેટલીક નોંધપાત્ર બાબતો દૃષ્ટી સમક્ષ આવે છે. મોટા ભાગની રિવાયતો પ્રમાણે દજ્જાલના અનુયાયીઓ મોટા ભાગે યહૂદીઓ અને સ્ત્રીઓ હશે.

(અહમદ-મસ્નદ ભા.૨, પા.૭૬-ફિરદૌસુલ અખબાર ભા.૫, પા.૪૨૪, મજમઉઝગેવાઈદ ભા.૭, પા.૧૫)

પરંતુ સાથે જ મોઅમેના અને પવિત્ર ચારિત્ર ધરાવતી સ્ત્રીઓ પણ હશે કે જેઓ પોતાના અકીદાના રક્ષણને કાજે સતત જાગૃત રહેશે અને કેટલીક સ્ત્રીઓ દૃઢનિશ્ચયી અને મુજાહિદ જેવું મનોબળ અને શક્તિ પણ ધરાવતી હશે તેઓ જ્યાં જશે ત્યાં દજ્જાલની વિરૂધ્ધ યુધ્ધ માટે લોકોને તૈયાર કરશે અને દજ્જાલની માનવજાતિ સાથેની શત્રુતાને લોકો સમક્ષ લાવશે.

કેટલીક રિવાયતો પ્રમાણે આપ અજ.ના પ્રાગટયના સમયે ૪૦૦ સ્ત્રીઓ ઈમામ અજ.ની સાથે હશે અને તેઓ પૈકીની મોટા ભાગની સ્ત્રીઓ દવા-દારૂ અને ચિકિત્સા-માવજતની સેવા બજાવતી હશે. જોકે ઈમામ અજ.ના


E-mail : hadimasik@yahoo.com

પ્રાગટયના સમયે (આપની સાથે) કેટલી સ્ત્રીઓ હશે તેની સંખ્યાની બાબતે રિવાયતોમાં મત મતાંતર છે. કેટલીક રિવાયતોમાં ૧૩ સ્ત્રીઓની સંખ્યા દર્શાવવામાં આવી છે. શકય છે કે ઈમામ અજ.ના તદ્દન પ્રારંભિક સૈન્યમાં સ્ત્રીઓની સંખ્યા આટલી જ હોય. કેટલીક રિવાયતોમાં ઈમામ અજ.ની સહાયક સ્ત્રીઓની સંખ્યા સાત હજાર આઠસો દર્શાવવામાં આવી છે. અને આ એ સ્ત્રીઓ જ છે કે જેઓ પ્રાગટય પછી આપ અજ.ની સાથે હશે. આપને વિવિધ કાર્યોમાં મદદરૂપ થશે.

કિતાબે "ફિતન"માં ઈબ્ને હમાદથી રિવાયત છે કે દજ્જાલના બંડ સમયે મોઅમિન પુરૂષોની સંખ્યા બાર હજાર અને મોઅમિન સ્ત્રીઓની સંખ્યા સાતસો અથવા આઠસો હશે.

(ઈબ્ને હમાદ-ફિતન- પા.૫૧)

રસુલે ખુદા સ.અ.વ.એ. ફરમાવ્યું છે કે "ઈસા ઈબ્ને મરયમ અ.સ. આઠસો પુરૂષો અને ચારસો સ્ત્રીઓ સાથે પ્રગટ થશે. અને તે લોકો (તે વખતે) પૃથ્વી ઉપર રહેવાવાળાઓમાં સર્વશ્રેષ્ઠ અને તે પહેલા થઈ ગયેલા લોકો કરતાં પણ વધારે સદ્ચારિત્રવાન હશે."

(ફિરદૌસુલ અખબાર ભા.૫, પા.૫૧૫-કનઝુલ અમાલ- ભા.૧૪ - પા.૩૩૮ - અત્-તસરીહ પા.૨૫૪)



# દુઆએ તવસ્સુલ



મુહમ્મદ-બિન-બાબુયાએ દુઆએ તવસ્સુલને માઅસૂમીન અ.સ.થી વર્ણવી છે. અને કહ્યું છે કે આ દુઆને મેં જે કાંઈ હાજત માટે પઢી છે ત્યારે તેનો અસર ખુબ જ ટુંક સમયમાં જણાઈ આવ્યો છે. એટલે કે દુઆએ તવસ્સુલના પઢવાથી મારી હાજત ઘણી જ જલ્દી કબુલ થઈ છે.

દુઆએ તવસ્સુલ પ્રખ્યાત દુઆઓ પૈકીની એક દુઆ છે મંગળવારની રાત્રે પઢવામાં આવે છે. આ દુઆમાં ચૌદ માઅસૂમીન અ.સ.ના વસીલા અને વાસ્તાથી બારગાહે





E-mail : hadimasik@yahoo.com

ઈલાહીમા દુઆ કરવામાં આવે છે. અને દુઆ પઢયા પછી પોતાની હાજતો પેશ કરવામાં આવે છે.

**આ દુઆની શરૂઆત આવી રીતે છે**

"અલ્લાહુમ્મા-ઈન્ની-અસ્અલોકા-વ-અતવજ્જ હો ઈલૈકા-બે-નબીકા-નબીયિર્રહમા" અર્થાત - હે ખુદા ! તારી રેહમતવાલા નબી.સ.અ.વ.ના ઝરીઆ અને વાસ્તાથી તારી બારગાહ માં હાજર થયો છું. અને તારી સમક્ષ યાચના કરૂ છું.

અને આ દુઆમાં દરેક માઅસૂમના વસીલા અને વાસ્તા પછી કહેવામાં આવે છે કે "યા વજીહા-ઈન્દલ્લાહે-અશફેઅ-લના-ઈન્દલ્લાહ" અર્થાત "હે અલ્લાહની દ્રષ્ટીમાં આબરૂદાર ચહેરા-બારગાહે ઈલાહીમા અમારી શફાઅત ફરમાવો".





E-mail : hadimasik@yahoo.com

# દુઆએ ફરજ

કફઅમીએ બલ્દુલ અમીન (નામના પુસ્તક)માં ઈમામ અલી અ.સ.થી આ દુઆ વર્ણવી છે. કે જો કોઈ વ્યક્તિ કોઈ મુસીબતમાં સપડાઈ જાય - બીક હોય - ચિંતીત હોય - તો તે આ દુઆને પઢે. પરવરદિગાર તેને સરળતાઓ પ્રદાન કરશે. આ દુઆની શરૂઆત **"યા ઈમાદો-મલ-લા-ઈમાદલ્લાહ"** - "હે એવી વ્યક્તિને રક્ષણ પુરૂ પાડનાર - કે જેનો કોઈ રક્ષક જ નથી" અને અંત **"વ-અફઅલ-બી-મા અન્તા-અહલોહૂ"** થી થાય છે. અર્થાત- "મારી સાથે એવું વર્તન ફરમાવ કે જે પ્રકારનું વર્તન દાખવવું તે તારો અધિકાર છે." અને તે પછી પોતાની હાજતોની યાચના કરે.



# હસો અને હસાવો



## ટુચકાઓ

કાસિમ : યાર, અમારી બકરીએ કાલે ઈંડુ આપ્યુ છે...

મોહસીન : રહેવા દે, જુઠ્ઠું ન બોલ...

કાસિમ : નહીં હું સાચુ બોલી રહ્યો છું કારણ કે અમારી મરઘીનું નામ જ બકરી છે...

---

ઈમરાન : યાર, આઈ એમ ગોઈંગનો અર્થ શું થાય...?

શફી : હું જાઉં છું...?

ઈમરાન : અરે...!! જતાં-જતાં આનો અર્થ તો કહેતો જા...

---

એહસાન બેન્કમાં પૈસા જમા કરાવવા ગયો...

ઓફીસર : આ નોટ ફાટેલી છે, બીજી આપો.

એહસાન : હું મારા ખાતામાં જમા કરાવું છું, ફાટેલી હોય કે નવી તેનાથી તમારે શું નિસબત...

---

પ્રોફેસર : એક પ્લેટફોર્મ ૨ કિ.મી. લાંબુ છે, વાવાઝોડું ૬૦ કિ.મી.ની ઝડપથી ફુંકાઈ રહ્યું છે, એક ટ્રેન આવી અને દિલ્હીથી મુંબઈ તરફ જતી રહી. તો પ્રશ્ન મારો એ છે કે : મારી ઉંમર કેટલી છે ?

બધા વિદ્યાર્થી પરેશાન થઈ એકબીજાના ચહેરા જોવા લાગ્યા...

એક વિદ્યાર્થીએ જવાબ આપવા હાથ ઊંચો કર્યો...

વિદ્યાર્થી : સર, તમારી ઉંમર ૪૨ વર્ષ છે...

પ્રોફેસર : સરસ, પણ તે કેવી રીતે ગણતરી કરી ?

વિદ્યાર્થી : સર, અમારા ઘર પાસે એક વ્યક્તિ રહે છે, તે અડધો પાગલ છે અને તેની ઉંમર ૨૧ વર્ષ છે...

# જુઓ અને સમજો



યહ મજાક કભી ભારી પડ સકતા હૈ.



મજેદાર સવારી




તંદુરસ્તીકા નયા દૌર




ઈન્સાનકા માલા

# મગજ કસો





## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : ૯૮૨૪૨ ૧૬૪૭૦ |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**




# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.

Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*

